# ગુજરાતમાં અંધશ્રધ્ધા વિરોધી કાયદાની વધારે જરૂર છે

સોંસરી વાત

નગીનદાસ સંઘવી

નામ ગુજરાતમાં તદ્દન અજાણ્યુ છે અને ખૂન તો પુનામાં થયું છે પણ પ્રા. નરેન્દ્ર દામોપકરનું ખૂન ગુજરાત માટે વધારે નુકસાન કારી છે કારણકે અંધશ્રધ્ધા અને દોરાધાગાની બાબતમાં આપણે મહારાષ્ટ્ર કરતાં ઘણાં વધારે પછાત છીએ. છેલ્લાં તેર વરસથી નરેન્દ્રભાઇ મહારાષ્ટ્રમાં અંધશ્રધ્ધા નિર્મુલન કાયદો કરાવવાની ઝુંબેશ ચલાવી રહ્યા હતા અને આમજનતાનાં અજ્ઞાન અને અંધશ્રધ્ધાનો લાભ લઇને તેમની પાસેથી પૈસા પડાવનાર, તેમના શરીર અને સેવાનો દુરૂપયોગ કરનાર ગુરૂ - બાવા - સાધુ - જતી - ભુવા - તાંત્રિકોને સાત વરસ જેલની સજા થાય તે માટેની જેહાદ ચલાવનાર નરેન્દ્ર દાભોળકર આ બધાં મેલીમુરાદ અને મેલી વિદ્યાનો દાવો કરનારની આંખમાં કણાંની જેમ ખુંચતા હતા. આ ખુન કોણે કર્યું અને કોણે કરાવ્યું તેની પોલીસ તપાસ ચાલી રહી છે પણ તેમાં ગુનેગાર પકડાય તો પણ સાચા ગુનેગારો તો કદી હાથ લાગવાના નથી.



અંધશ્રધ્ધા વિરોધી અભિયાન છેલ્લા દોઢસો બસો વરસથી ચાલે છે અને સુરતનાં પાંચ દદાઓમાંથી દુર્ગાશંકર મહેતાજી અને દાદોબા પાંડુરંગ તરખડકર તેનાં આગેવાનો હતાં. ગુજરાતમાં આજે પણ તર્કશીલો આ જેહાદ ચલાવી રહ્યા છે. (ગુજરાતનાં રેશનાલિસ્ટો પોતાના માટે બુધ્ધિનિષ્ઠ શબ્દ વધારે વાપરે છે પણ બંગાળી પર્યાય - તર્કશીલ વધારે ચોટડુક હોવાનું લાગે છે.) પણ ગુજરાતમાં અંધશ્રધ્ધાની વ્યાખ્યા બાંધવામાં આવી નથી. નરેન્દ્ર દાભોપકરે અંધશ્રધ્ધાની કેટલીક અતિ ખતરનાક પ્રવૃત્તિઓની વર્ણનાત્મક વ્યાખ્યા બાંધી છે અને આ પ્રવૃત્તિઓ ચલાવનાર અથવા તેનો પ્રચાર કરનારને સજા કરવી તેવી માંગણી કરી છે. ઈશ્વરનાં અવતાર હોવાનો દાવો કરવો અથવા પોતાનાં શરીરમાં દેવ - દેવી આવ્યા છે તેવો ઢોંગ કરવો. માનસિક રોગીઓના ભુતપ્રેત કાઢવા માટે તેમને શારીરિક ત્રાસ આપવો, દોરાધાગા - ચીઠ્ઠી - માદળિયા આપવા, ચમત્કારો દ્વારા ખજાનાનો કે અન્ય રીતે ધનલાભ આપવાની બનાવટ કરવી, પશુઓ - પંખીઓ અથવા માણસોનાં બલીદાન આપવા સંતાન માટે અથવા છોકરો જન્માવવાની વિધી કરવી. આ બધાનો સમાવેશ અંધશ્રધ્ધામાં કરવામાં આવ્યો છે.

છેલ્લાં તેર વરસમાં અંધશ્રધ્ધા નિર્મૂલન ખરડો મહારાષ્ટ્રની વિધાનસભાઓમાં ત્રણ વખત રજૂ થયો છે અને દરેક વખતે પડતો મૂકાયો છે. શિવસેના, ભાજપની દલીલ એવી છે કે આ બધી પ્રવૃત્તીઓ મુખ્યત્વે હિંદુઓ ચલાવે છે અને અન્ય ધર્મોની અંધશ્રધ્ધાળુ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ થયો નથી તેથી આ ખરડો હિંદુ વિરોધી છે અને પક્ષપાતી છે. દાભોળકરને શ્રધ્ધાંજલિ આપવામાં મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણે રાજકારણી લાભ લઇ લીધો છે અને ગાંધીજીની હત્યા કરાવનારે દાભોળકરની હત્યા કરાવી છે તેવું કહીને આડકતરી રીતે સંઘ પરિવાર અને ભાજપની વગોવણી કરી છે. આ ખરડો ટાળી દેવાની જવાબદારી કોંગ્રેસી સરકારની છે તે હકીકત વીસારે પાડવામાં આવી છે. દાભોપકરની હત્યાનાં કારણે આ ખરડાને ઓર્ડીનન્સ (વટહુકમ) રૂપે લાગુ પાડવામાં આવશે તેવી અફવાએ જોર પકડયું છે પણ આ પધ્ધતિ બરાબર નથી. વટહુકમ બહાર પડાયા પછી છ મહિનામાં ધારાસભાની મંજુરી ન મળે તો વટહુકમ આપોઆપ રદ થાય છે અને આવા મહત્ત્વના ખરડાનો આવો ફીયાસ્કો થાય તેની છાપ ઘણી ખરાબ પડે.


ભાજપ - શિવસેનાની દલીલ ખોટી નથી. હિંદુધર્મ વધારે જુનો હોવાથી તેમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ અને પ્રવૃત્તિનું પ્રમાણ કદાચ વધારે હશે. પણ અન્ય ધર્મો અને અન્ય વૈચારિક સંપ્રદાયો પણ અંધશ્રધ્ધાથી તદ્દન મુકત નથી. ખ્રિસ્તીધર્મનાં મુળ બાઈબલમાં ચમત્કાર કથાઓની પ્રમાણ એટલા બધા પ્રમાણમાં છે કે આ નિંદામણમાં ઈશુનો અમુલ્ય ઉપદેશ લોકોનાં ધ્યાનમાં આવતો નથી. ખ્રિસ્તી પાદરીઓ સામુહિક પ્રાર્થનાઓ દ્વારા રોગનિવારણનાં મચત્કારોનો દાવો કરે તે અંધશ્રધ્ધા જ છે. ખ્રિસ્તી ધર્મમાં ચમત્કારનું મહત્ત્વ છેક ટોચ સુધી પહોંચ્યું છે. મધર ટેરીસાને સંતત્વની પદવી આપવા માટે તેમના આજીવન દરીદ્ર સેવાને બહાલી આપવાનાં બદલે તેમણે કરેલાં ચમત્કારોની

> *ભાજપ - શિવસેનાની દલીલ ખોટી નથી. હિંદુધર્મ વધારે જુનો હોવાથી તેમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ અને પ્રવૃત્તિનું પ્રમાણ કદાચ વધારે હશે. પણ અન્ય ધર્મો અને અન્ય વૈચારિક સંપ્રદાયો પણ અંધશ્રધ્ધાથી તદ્દન મુકત નથી.*

બનાવટી કથાઓ વહેતી મુકવામાં આવી છે અને ખુદ પોપ પણ આવી ઢોંગબાજીથી મુકત નથી. આચાર્ય રજનીશને ભગવાન અને ઓશોની પદવી આપનાર લોકો, મહર્ષિ અરવિંદની દૈવી સહાયથી બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લેંડ - અમેરિકાને વિજય મળ્યો તેવી મૂર્ખ વાતો ફેલાવનાર અથવા મરણ પછી તેમનો દેહ યથાવત રહેશે તેવી માન્યતા ધરાવનાર શ્રધ્ધાઓ પણ આંધળા જ છે. ઈસ્લામ દુનિયાનો એક માત્ર ધર્મ છે કે જેમાં ચમત્કારોનો નિષેધ કરવામાં આવ્યો છે. પણ આજે ભારતનાં મુસલમાનો ઈસ્લામ ધર્મ પાળતા નથી. પ્રાચીન મનિષીઓ આજે પણ સદેહે હિમાલય - તિબેટમાં વસે છે તેવી માન્યતા ધરાવનાર થીઓસોફીસ્ટો વીસમી સદીની શરૂઆતમાં બહુ પ્રભાવશાળી સ્થાન ધરાવતા હતા અને શ્રીમતી એનીબેસેન્ટ પણ અંધશ્રધ્ધાથી તદ્દન મુકત નથી.

અંધશ્રધ્ધા માનસિક હોવાથી કાયદા દ્વારા તેનું નિર્મુલન કરવાનું શકય નથી પણ આવી શ્રધ્ધાનો ગેરલાભ ઉઠાવનાર લેભાગુઓને સખત શિક્ષા કરવાનો કાયદો અત્યંત જરૂરી છે કારણકે આવી શ્રધ્ધા વૈજ્ઞાનિક મનોવૃત્તિનું કુંઠીત કરી નાખે છે. આવો કાયદો મહારાષ્ટ્ર કરતાં ગુજરાતમાં વધારે જરૂરી છે કારણકે અંધશ્રધ્ધાની બાબતમાં આપણે મહારાષ્ટ્ર કરતાં ઘણાં વધારે દોષિત છીએ. દુનિયાભરનાં તમામ ઢોંગી બાબાઓ - ગુરૂદેવોનાં થોડાં અનુયાયીઓ ગુજરાતમાં ચોકકસ જ મળી આવે. ભારતનાં અન્ય પ્રદેશોમાં ગુજરાતીઓને ધર્મની બાબતમાં આંધળાભિત ગણવામાં આવે છે.

# સાબિતીના સંકુલ સમીકરણો



જીવન સરિતાને તીરે

દિનેશ પાંચાલ

અખબારોમાં પ્રગટ તી કટારો લોકો બહુ રસપૂર્વક વાંચે છે. ૧૫૦ વર્ષની સુદીર્ઘ કારકિર્દી ધરાવતા પ્રસ્તુત અખબારે સાહિત્ય જગતને કેટલાય સમર્થ લેખકોની ભેટ ધરી છે. છેક **'ચંપુ'**ના જમાનાથી ખૂબ વિકસી રહેલો ચર્ચાપત્ર વિભાગ આજે પુરબહારમાં ખિલ્યો છે. કટારલેખકના લખાણમાં ક્યાંક હકિકત દોષ હોય તો ચર્ચાપત્રીઓ ધ્યાન ખેંચે તે આવકારદાયક બાબત ગણાય. પણ ક્યારેક અંધશ્રદ્ધાળુ વાચક સાથે પનારા પડે ત્યારે નિરર્થક ચિંતનચૂંથણામાં સમયની બરબાદી થાય છે. હમણા દૂરના શહેરથી એક અન્ય છાપાના વાચકનો પત્ર મળ્યો. તેમણે લખ્યું કે અમારે ત્યાં 'ગુજરાતમિત્ર' મળતું નથી પણ ઈન્ટરનેટ પર અમે તે વાંચી લેવાનું ચૂકતા નથી. હું સંપૂર્ણ અને ચૂસ્ત ધાર્મિક છું છતાં તમારી કોલમ વાંચવી ગમે છે પણ તમે ફલાણા લેખમાં લખ્યું છે કે કોક પુરાણોમાં ઉલ્લેખ છે કે રામચંદ્રજી સોમરસ પીતા. વનવાસ દરમિયાન સસલાનું માંસ પણ તેમણે આરોગેલું. મને એ વાત સાચી જણાતી નથી. એવું કયા પુરાણમાં લખ્યું છે તે સત્વરે જણાવો.' આ વિચિત્ર પ્રશ્ન ગણાય. (વડાપ્રધાન મનમોહનસિંઘ રૂ.૭૬૮૬/- ની એક ડિશ જમેલા તેની સાબિતી મળી શકે પણ રામચંદ્રજીના ભોજનની વિગતો આજે ૨૦૧૩ માં ક્યાંથી મેળવવી?)

આપણે ત્યાં દેવીદેવતાઓ પ્રત્યે શ્રદ્ધાળુઓને અઢળક માન હોય છે. તેમના વિશેની એક પણ આડીતેડી વાત તેઓ માનવા તૈયાર હોતા નથી. (દોસ્તો, જાણીને નવાઇ લાગશે પણ રામચંદ્રજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો એ વાત આજેય કેટલાંક અતિધાર્મિક લોકો માનવા તૈયાર નથી) મહાપુરુષો અંગે પણ લોકોનું એવું જ વલણ હોય છે. ગાંધીજીએ બીડી પીધેલી અને માંસાહારનું બીલ ચૂકવવા સોનાનું કડુ ચોરેલું એ વાત લખેલી ત્યારે એક વાચકે કહેલું: 'ના ના... એવું બને જ નહીં. ગાંધીજી વળી ચોરી કરતા હશે...? અને એ તો વાણીયા હતા... માંસનો તો એ વિચાર સુધ્ધાં ના કરે!' મેં એમને ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' જોઇ જવા કહયું ત્યારે એમણે દલીલ કરી, 'તમારી પાસે શી સાબિતી છે કે એ આત્મકથા ગાંધીજીએ જ લખી હતી? એવું પણ બની શકે ને કે ગાંધીજીને બદનામ કરવા તેમના કોઇ વિરોધીએ એવું લખ્યું હોય? મોરારજી દેસાઇના ઘરમાં કોઇ દુશ્મને દારૂની બાટલી સંતાડી હોય તો પોલીસને તે હાથ લાગે ય ખરી... તેથી એમ ન કહી શકાય કે મોરારજી દેસાઇ દારૂ પીતા હતા!' મને વિચાર આવ્યો, સારુ હતું કે મેં ગાંધીજીએ મનુ જોડે કરેલા બ્રહ્મચર્યના પ્રયોગો વિશે નહોતુ લખ્યું નહીંતર એ મિત્ર પૂછયા વિના ના રહયો હોત- 'તમે જોવા ગયા હતા?'

આવા વાચકોનો કોઇ ઉપાય નથી. એમની સમક્ષ શંકર પાર્વતી હાજર થાય અને શંકરજી કહે કે આ મારી પત્ની પાર્વતી છે તો શંકરભગવાન પાસે પણ એઓ મેરેજ સર્ટિફિકેટ માગતા અચકાઇ નહીં. ખુદ ગાંધીજી પ્રગટ થઇને એમને સમજાવે- 'ભઇલા, ભલે તમારા માન્યામાં ન આવતું હોય પણ ખરેખર એવું થયું હતું. કાચી વયમાં મેં માંસાહાર કર્યો હતો અને ઘરમાંથી સોનાનું કડુ ચોરવાની ભૂલ પણ કરી હતી!' તો શક્ય છે લોકો તેમને એમ કહીને સાંત્વન આપે: 'બાપુ, તમને બદનામ કરવાની ઝીન્નાની આ ચાલ છે... તમે નિરાશ થશો નહીં. ખુદ કસ્તુરબા એવું કહે તોય અમે માનવાના નથી. તમે બેફિકર રહેજો. અમે તમારી સાથે છીએ!' હવે રામચંદ્રજીએ માંસ ખાધેલું કે દારૂ પીધેલો એ વાતની સાબિતી આજે મોરારિબાપુએ પણ મેળવવી હોય તો તેઓ ક્યાં જાય? તે માટે અયોધ્યા ઓછું જવાય? શાસ્ત્રો કે પુરાણોનો જ આશરો લેવો પડેને? પણ કોઇ કહે કે શાસ્ત્રોમાંય ખોટું લખ્યું છે તો પછી એનો બીજો કોઇ ઉપાય ખરો? પંદરેક વર્ષ પૂર્વે એ લખેલું ત્યારે તે માહિતી ક્યાંથી સાંપડી હતી તે આજે સ્વાભાવિક જ યાદ ના હોય. આ લખનારે ધર્મપુરાણો કે ધાર્મિક ગ્રંથોનો ઝાઝો અભ્યાસ કર્યો નથી. પણ અનુભવે સમજાયું છે કે ધાર્મિક બાબતો અંગે શ્રદ્ધાળુઓની લાગણી બહુ ઝડપથી દુભાઇ જતી હોય છે. એ કારણે એવી ટેવ કેળવી છે કે કાંઇ લખતા પૂર્વે જેઓ ધર્મના અભ્યાસુ હોય તેમને પૂછીને સત્ય જાણી લેવું. ફિલ્મો કે સંગીત અંગેની કોઇ માહિતીની જરૂર પડે તો સુરતના શ્રી હરિશ રઘુવંશીને ફોન કરીએ એટલે તત્કાળ સચોટ માહિતી ફોન પર જ મળી જાય. ધર્મ અંગેની માહિતી માટે બારડોલીમાં શ્રી રમણ પાઠકનો સંપર્ક કર્યો. અને રામચંદ્રજીના શરાબસેવન અને માંસાહાર વિશે પૂછયું. દોસ્તો, વિશેષ આનંદ એ વાતનો થયો કે લગભગ ૯૦ વર્ષ વટાવી ચૂકેલા એ બૂઝુર્ગ સાહિત્યકારે ફોન પર તત્કાળ જ માહિતી આપતાં જણાવ્યું કે મોરારિબાપુ જે કથા કરે છે

> *ગાંધીજી કે રામચંદ્રજી જેવા મહાન માણસો આવું ન જ કરે એવી તેમની કેવળ અહોભાવભરી માન્યતા હોય છે. એવા માણસોનું વાંચન પણ બહુ ઓછું હોય છે એથી શાસ્ત્રોક્ત માહિતીથી તેઓ અજાણ હોય છે. એથી આંધળી ધર્મશ્રધ્ધાને કારણે તેઓ વિવાદ ઊભો કરે છે. બાકી જીવનના દરેક સત્યો સાબિતીના ઓશિયાળા હોતા નથી.*

તે તુલસીકૃત રામાયણ પર આધારિત છે. પણ સંસ્કૃતમાં મૂળ વાલ્મિકી રામાયણ છે. હવે તો તેના ગુજરાતી અનુવાદો પણ ઉપલબ્ધ છે. તેમાં ઉલ્લેખ છે કે રામ **'મૈહેય'** નામનો દારૂ પીતા. એ સિવાય નગીનદાસ સંઘવીએ 'રામાયણની અંતરયાત્રા' નામનું પુસ્તક લખ્યું છે. તેમાં પણ એ બન્ને બાબતોનો ઉલ્લેખ છે. વળી 'મનુસ્મૃતિ'માંય સ્પષ્ટ લખ્યું છે કે યજ્ઞો નિમિત્તે દારૂ પીવામાં કે માંસાહાર કરવામાં કોઇ પાપ નથી. સીતાજીએ નદી ઓળંગતી વેળા ૧૦૦૦ દારૂના ઘડા ચઢાવવાની બાધા લીધી હતી તે વાત પણ એમણે કહી.

આટલી માહિતી પેલા વાચકને પહોંચાડ્યા પછીય તેના મનનું સમાધાન ના થયું. તેમણે ક હું: 'ધર્મગ્રંથો ક્યાંતો બનાવટી હશે અથવા તેમાંય જૂઠાણુ ચલાવવામાં આવ્યું હશે. બાકી રામચંદ્રજી જેવા દેવ જેની અમે ૬૦ વર્ષોથી પૂજા કરતા આવ્યા છીએ તે દારૂ પીએ કે માંસાહાર કરે એ વાત કેવી રીતે માની શકાય? દોસ્તો, ઉપર કહયું તેમ સમાજમાં આવા 'શંસયાત્માઓ'નો કોઇ ઉપાય નથી. છેવટે તેમને કહેવું પડે કે એ માહિતીની સત્યતા તપાસવા માટે હવે તમે મનુભગવાનનો સંપર્ક કરો. (બલકે કરૂણતા એ છે કે તેમને મનુભગવાન અથવા ખુદ વાલ્મિકી પ્રગટ થઇને કહે તોય તેમની અસંમતિ અકબંધ જ રહે)

ન્યાય ખાતર એટલું સ્વીકારીએ કે સઘળા વાચકો એવા હોતા નથી. (વળી આ વાચક તો અન્ય અખબારના અજાણ્યા વાચક હતા) પણ કેટલાંકને સંદર્ભગ્રંથની જાણ કરીએ તોય તેઓ તેમની હમસચ્ચાઇવાળી પીપૂડી વગાડ્યે રાખે છે. એકવાર જલિયાનવાળા બાગના હત્યાકાંડમાં કુલ કેટલા માણસો મરેલા તે આંકડા અંગે વિવાદ થયેલો. આક્ષેપકારે અશોભનીય ભાષામાં લખ્યું કે લેખક ફેંકાફેંક કરે છે. એ હત્યાકાંડમાં કુલ આટલા જ માણસો મર્યા હતા. ત્યારબાદ સમય કાઢીને સુરત-નવસારીની લાઈબ્રેરીઓમાં ફરવું પડ્યું અને મારો આંકડો સાચો હતો તેના એક બે નહીં, પૂરા દશ સંદર્ભગ્રંથોના (પાના નંબર સહિતના) પુરાવાઓ એમને આપ્યા ત્યારે તેમણે મૌનપૂર્વક સત્યનો સ્વીકાર કર્યો પણ એ બધામાં મને શું મળ્યું? તેમનું અજ્ઞાન દૂર કરવામાં મારા સાતેક દિવસો નિરર્થક બગડયા તેનો હિસાબ કોની પાસે માગવો?

દોસ્તો, અહીં શું થતું હોય છે કે લેખક ખોટો છે એવો આક્ષેપ તેઓ બિન્ધાસ્ત કરી દે છે પછી લેખકે સાબિત કરવાનું રહે છે કે તે પોતે ખોટો નથી. (આક્ષેપ કરનાર માણસ પોતે સાચો છે એવી એક પણ સાબિતી રજૂ કરી શકતો નથી) ગાંધીજી કે રામચંદ્રજી જેવા મહાન માણસો આવું ન જ કરે એવી તેમની કેવળ અહોભાવભરી માન્યતા હોય છે. એવા માણસોનું વાંચન પણ બહુ ઓછું હોય છે એથી શાસ્ત્રોક્ત માહિતીથી તેઓ અજાણ હોય છે. એથી આંધળી ધર્મશ્રધ્ધાને કારણે તેઓ વિવાદ ઊભો કરે છે. બાકી જીવનના દરેક સત્યો સાબિતીના ઓશિયાળા હોતા નથી. અને દરેક સત્યોને સાબિતી હોતી પણ નથી. સમાજમાં અંધશ્રદ્ધાની સાથે પાર વિનાના અજ્ઞાનો પણ પ્રવર્તે છે. વર્ષોપૂર્વે બનેલી એક સત્યઘટના યાદ આવે છે. એક શાળાના અંધશ્રદ્ધાળુ શિક્ષકે પોતાના બાળકોને કહેલું: પૃથ્વી ગોળ છે એવું તો ઇન્સ્પેક્ટર પૂછે તો જ કહેવું... બાકી પૃથ્વી ગોળ નથી સપાટ છે એટલું સમજી રાખવું.'

**ધૂપછાંવ**

*જો શ્રદ્ધા હોય તો તું દિલમાં નોંધ...!*

*ગીતામાં કૃષ્ણના સહીસિક્કા ના શોધ!*

# હત્યાથી નથી વિચાર મરતો કે નથી મિશનનો અંત આવતો

નો નોનસેન્સ

રમેશ ઓઝા

મહારાષ્ટ્રમાં છેલ્લા બે દાયકાથી અંધશ્રદ્ધા સામે લડત આપી રહેલા ડો. નરેન્દ્ર દાભોલકરની મંગળવારે સવારે બે અજાણ્યા સખસોએ પૂણેમાં હત્યા કરી એ ચોંકાવનારી ઘટના જરૂર છે, આશ્ચર્યજનક નથી. ડો. દાભોલકરની હત્યામાં એવા લોકોનો હાથ છે જે કાં ધર્મ વિશે જૂનવાણી મત ધરાવે છે અને કાં ધર્મના ધતીંગનો ધંધો કરે છે. હજુ સુધી હત્યારાઓ પકડાયા નથી, પરંતુ પોલીસને બે હિન્દુત્વવાદી સંગટનો, નામે 'સનાતન સંસ્થા' અને 'અભિનવ ભારત' નો હાથ હોય એવી શકયતા ઓછી છે, કારણ કે 'અભિનવ ભારથ' વિનાયક દામોદર સાવરકરના વિચારોનું સંગઠન છે. અને સાવરકર વિવેકવાદી નાસ્તિક હતા. દરેક ધાર્મિક કોમવાદી નથી હોતા અને દરેક કોમવાદી ધાર્મિક નથી હોતા. સાવરકર અને મહમ્મદ અલી ઝીણા નાસ્તિક કોમાવાદી હતા. 'સનાતન સંસ્થા' રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અનેક પગવાળલા કાનખજુરાનો એક પગ છે. આ સંસ્થા તેનું નામ સૂચવે છે એમ જૂનવાણી વિચારોનું સંગઠન છે અન તે દરેક પ્રકારની હિન્દુ ધાર્મિકતાને પોષે છે. સ્વાભાવિક રીતે તેમને આંધળી ધાર્મિકતા સામે ઉઠાવતા પ્રશ્નો પરવડતા નથી.

નરેન્દ્ર દાભોલકર વિવેકવાદીઓમાં વિવેકી હતા. તેઓ ખાસ ધ્યાન રાખતા હતા અને આગ્રહ રાખતા હતા કે અંધશ્રદ્ધા સામેનું આંદોલન ધર્મવિરોધી ન બને. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે તેઓ વિવેક કરતા હતા. તેમનું આંદોલન અંધશ્રદ્ધા નિર્મૂલન માટેનું હતું, કેટલાક રેશનલિસ્ટોની માફક શ્રદ્ધાનિર્મૂલન માટેનું નહોતું. અંગત



જીવનમાં તેઓ નાસ્તિક હતા, પરંતુ તેમણે કયારેય નાસ્તિકતાનો પ્રચાર કર્યો નથી. જો કે ભારતનું સેક્યુલર બંધારણ દરેક નાગિરકને નાસ્તિક તરીકે જીવવાનો અને નાસ્તિકતાનો પ્રચાર કરવાનો અધિકાર આપે છે. ભારત સાચો સેક્યુલર દેશ ત્યારે બનશે જયારે નાસ્તીકતાનો પ્રચાર કરનારાનો વાળ પણ વાંકો નહીં થાય. એ દિવસ તો આવે ત્યારે, અહીં તો એવા માણસની હત્યા કરવામાં આવી છે જે દરેક અર્થમાં વિવેકવાદી કહેતા મધ્યમમાર્ગી હતો.

વિવેકી- મધ્યમમાર્ગી-મદુભાષી- સમન્વયવાદી જેવાં વિશેષણો ડો. નરેન્દ્ર દાભોલકર માટે સહેજે વાપરી શકાય. તેમના આવા ગુણને કારણે તેમની હત્યા સામે મહારાષ્ટ્રભરમાં પ્રચંડ આક્રોશ પેદા થયો છે. મુખ્ય પ્રધાન પૃથ્વી રાજ ચૌહાણ અને ગૃહ પ્રધાન આર. આર. પાટિલ ખાસ તેમના અંતિમ દર્શન કરવા ડો. દાભોલકરના વતન સાતારા ગયા હતા. ગુરુવારે પૂર્ણ શહેરે હડતાળ પાડી હતી. મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં નિષેધ કાર્યક્રમો થઈ રહ્યા છે. ડો. દાભોલકર જેવા નખશીખ સમન્વયવાદી અને વિવેકી વિવેકવાદીની હત્યા કરવામાં આવે એ બતાવે છે કે સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે અને કેટલો અસહિષ્ણુ છે.

> *ડો. દાભોલકર જેવા નખશીખ સમન્વયવાદી અને વિવેકી વિવેકવાદીની હત્યા કરવામાં આવે એ બતાવે છે કે સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે અને કેટલો અસહિષ્ણુ છે.*

મુસલમાનો બંધિયાર ઈસ્લામ ધર્મના શિકાર છે અને હિન્દુ સ્વભાવતઃ સહિષ્ણુ, કારણ કે હિન્દુ ધર્મ મોકળાશ આપનારો ઉદાર છે એવી દલીલ હિન્દુત્વવાદીઓ હંમેશા કરે છે. ઈસ્લામ ધર્મના બંધિયારપણાને કારણે મુસ્લિમ દેશ સેકયુલર ન હોઈ શકે અને હિન્દુ ધર્મ ઉદાર હોવાને કારણે તેમ જ ભારતમાં હિન્દુઓની બહુમતિ હોવાના કારણે ભારત સ્વાભાવિક સેક્યુલર દેશ છે એમ પણ તેઓ કહે છે. હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજ વિશેની તેમની દલીલ સાવ ખોટી નથી. તેમની વાત સાચી છે કે હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજ પ્રમાણમાં ઉદાર અને સહિષ્ણુ છે, પણ પ્રત્યેક હિન્દુત્વવાદી અસહિષ્ણુ છે. હિન્દુ શબ્દની સાથે 'ત્વ' પ્રત્યય જોડવા પાછળનો ઈરાદો હિન્દુને અન્યોથી અલગ તારવવાનો અને પૃથકતા પેદા કરવાનો છે. જેમ ગાયના ચોક્કસ લક્ષણ ધરાવે તેને 'ગોત્વ' કહેવાય એમ હિન્દુ હોવાના ચોક્કસ લક્ષણ ધરાવે તેને 'હિન્દુત્વ' કહેવાય.

વસુધૈવ કુટુંબકમ એ સરેરાશ હિન્દુના સ્વભાવલક્ષણ છે. બીજી બાજુ ચોક્કસ કોમાવાદી લક્ષણ ધરાવતો હિન્દુ એ હિન્દુત્વની અસ્વભાવિક ફિલસુફી છે. હિન્દુત્વ અસ્વાભાવિક એટલા માટે છે કે આ ઉદાર હિન્દુ પરંપરા અને એ ઉદાર પરંપરાએ ઘડેલા સરેરાશ હિન્દુના સ્વભાવની વિરુદ્ધ છે. હિન્દુત્વ અસ્વાભાવિક એટલા માટે છે કે એ ઉદાર હિન્દુ પરંપરા અને એ ઉદાર પરંપરાએ ઘડેલા સરેરાશ હિન્દુના સ્વભાવની વિરુદ્ધ છે. હિન્દુ હિન્દુ જેવા ઉદારમતવાદી રહે એ તેમને સ્વીકાર્ય નથી. તેઓ હિન્દુને તેમની સમજ મુજબના મુસલમાન, ખ્રિસ્તી કે યહુદી જેવો બનાવવા માગે છે. ડો. નરેન્દ્ર દાભોલકરની હત્યામાં જો 'સનાતન સંસ્થા'નો હાથ હોય તો એની પાછળ આ હિન્દુત્વની કોમવાદી ફિલસુફીની પ્રેરણા છે. હિન્દુ કોમવાદીઓ સરેરાશ ઉદામતવાદી હિન્દુને અસહિષ્ણ કોમાવાદી બનાવવા માગે છે. નરેન્દ્ર દાભોલકરના અંધશ્રદ્ધા સામેના આંદોલનને તેઓ હિન્દુ ધર્મવિરોધી આંદોલન તરીકે જોતા હતા જેમાં તેમની અધુરી સમજ અને અસહિષ્ણુતા નજરે પડે છે.

ભારતનું બંધારણ વિલક્ષણ છે. ભારત એક તરફ સેકયુલર દેશ પણ છે એટલે ધર્મની બાબતમાં રાજ્ય તટસ્થ છે. ધર્મ વ્યકિતની અંગત શ્રદ્ધાનો વિષય છે અને રાજ્યને તેની સાથે સંબંધ નથી. રાજ્યનો પોતાનો કોઈ ધર્મ નથી. રાજય નથી કોઈ ધર્મને પ્રપ્રોત્સાહન આપતું કે નથી કોઈ ધર્મના માર્ગમાં અવરોધ પેદા કરતું. આમ છતાંય ભારતીય રાજ્ય જરૂરી પડયે કહેવાતી ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર ધરાવે છે. શા માટે રાજય હસ્તક્ષેપ કરે છે? કારણ કે ભારતના બંધારણના કેન્દ્રમાં ધર્મ નથી, માણસ છે, નાગરિક છે. ધર્મના નામે જયારે નાગરિકના મૂળભૂત અધિકાર સાથે કે માનવીય ગરીમા સાથે કોઈ ચેડાં થતાં હોય ત્યારે નાગરિકની પડખે ઊભા રહેવું એ રાજ્યનો ધર્મ છે એમ બંધારણે કહ્યું છે. જેમ કે મૃત પતિની પાછળ સ્ત્રી જીવતી બળી મરીને સતિ થાય એને ગુનો ગણવામાં આવ્યો છે, પછી ભલે એને ધર્મની કે ધર્મશાસ્ત્રોની માન્યતા હોય. આનું કારણ એ છે કે આમાં સ્ત્રીના જીવવાના મૂળભૂત અધિકારનો અને માનવીય ગરિમાનો ભંગ થઈ રહ્યો છે. આવી જ રીતે કેટલાક ધર્મશાસ્ત્રોની માન્યતા હોવા છતાંય અસ્પૃષ્યતા સામે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આવા તો બીજા અનેક દાખલા આપી શકાય. ટુંકમાં, ભારતીય બંધારણ અને રાજ્ય ધર્મની બાબતમાં તટસ્થ તો છે, પણ મૂક પ્રેક્ષક નથી.

ભારતીય બંધારણે ધર્મના નામે નાગરિકનું શોષણ ન થાય એવો રાજ્યનો જે ધર્મ બતાવ્યો છે એનો લાભ લઈને ડો. નરેન્દ્ર દાબોલકર અંધશ્રદ્ધા વિરોધી કાયદો ઘડવાનો આગ્રહ રાખતા હતા. આવો કાયદો ઘડવામાં આવે એમાં સમાજનું સ્વાસ્થ્ય છે, બંધારમની માન્યતા છે અને રાજયનો ધર્મ છે. આમ છતાંય આવા સમાજને નિરામય બનાવનારા કાયદા માટે ડો. દાભોલકરને ૧૮ વર્ષ સંઘર્ષ કરવો પડયો હતો અને છેવટે પ્રાણ પણ ગુમાવવો પડયો હતો. સમાજને નિરામય બનાવનારા કાયદાના કારણે હિન્દુ સમાજ સ્વસ્થ થઈ જશે એવો ભારતીય જનતા પક્ષ અને શિવસેનાને ભય છે. તેઓ એક કે બીજા બહાને ખરડાને અટકાવતા હતા. ડો. દાભોલકર નાસ્તિક અને હિન્દુ વિરોધી હોવાનો તેઓ ખોટો પ્રચાર કરતા હતા.

આ વિશ્વમાં બે જમાત એવી છે જેને સ્વસ્થ સમાજ પરવડતો નથી. એક છે રાજકારણીઓની અને બીજો છે ધર્મગુરુઓની. જેટલો સમાજ દુઃખી એટલી આ બે જમાત સુખી. માટે તો વિનોબા કહેતા કે ધર્મ અને રાજકારણનો યુગ પુરો થઈ રહ્યો છે અને વિજ્ઞાન અને અધ્યાત્મનો યુગ બેસી રહ્યો છે. પહેલા બે તોડનારરા પરિબળો છે અને બીજા બે જોડનારા પરિબલો છે. નરેન્દ્ર દાભોલકરો સામે આ બનને જમાત સંપીને કામ કેર છે. તેમને એટલી સમજ નથી કે હત્યા કરવાથી નતી વિચાર મરતો તેમ નથી મિશનનો અંત આવતો.

છેલ્લે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણને અભિનંદન આપવા જોઈએ કે તેમણે નરેન્દ્ર દાભોલકરને મૃત્યુ પછીની અંજલીરૂપે ૧૮ વર્ષથી પડી રહેલો ખરડો વટહુકમ બહાર પાડીને તાત્કાલિક લાગુ કર્યો છે. મૂળ ખરડાને અલબત્ત ૧૮ વર્ષમાં કૂબ પાતળો કરી નાખવામાં આવ્યો છે. આમ છતાંય આટલી પણ હિંમત કરવા માટે અભિનંદન.